

# પોતાના ‘નવા વર્ઝનને અનલોક’ કરવા માટે વિરાટ કોહલી કટિબદ્ધ

**બે દાયકા લાંબી કેરિયર ધરાવતા વિરાટ કોહલી પાસે ક્રિકેટ ચાહકો હંમેશાથી વિશેષ આશા રાખતા આવ્યા છે અને ચેઝ માસ્ટર તરીકેનું બિરુદ ધરાવતા કોહલીએ કદી પોતાના ચાહકોને નિરાશ કર્યા નથી.વન ડે ક્રિકેટમાં પહેલા તે ઓછુ જોખમ ખેડીને શક્ય તેટલી લાંબી ઈનિંગ્સ રમવાની તૈયારી સાથે મેદાનમાં આવતો હતો પણ વિન્ડીઝ સામેની પહેલી વન ડેમાં તેનું એક અલગ જ રૂપ જોવા મળ્યું અને તેણે પોતાની ઈનિંગમાં નવ છગ્ગા ફટકાર્યા જે તેનું નવુ વર્ઝન અપલોડ થઈ રહ્યાનું દર્શાવી રહ્યું છે.**

વિરાટ કોહલી જ્યારે પણ મેદાને રમવા ઉતરે છે ત્યારે તેની પાસેથી ક્રિકેટ ચાહકો વિશેષ આશા રાખે છે. બે દાયકા સુધી ચાલેલી અને શાનદાર સિદ્ધિઓથી ભરેલી કેરિયરમાં હવે 37 વર્ષીય વિરાટ કોહલીને પોતાની ‘નવી બાજુ શોધવા’નો પડકાર આપવામાં આવ્યો અને તેના પરિણામો મેદાન પર દેખાઈ રહ્યા છે. કોહલીએ વેસ્ટઈન્ડિઝ સામેની પ્રથમ વન ડેમાં વિન્ડિઝના બોલિંગ આક્રમણને મેદાનમાં ચોમેર ફટકાઓ મારીને રવિવારે 15,000 વન ડે રન પૂર્ણ કર્યા, પોતાની વન ડે કેરિયરની 55મી અને આ ફોર્મેટમાં ત્રીજી સૌથી ઝડપી સદી ફટકારી. આ મેચ પછી, તેણે કહ્યું કે મારી કેરિયરના આ તબક્કે, મને મારા સ્તરને વધારવા અને રમતમાં સુધારો કરવાનો પડકાર મળ્યો હતો. તેના પર કામ કરવું મારા માટે રોમાંચક હતું. આ તબક્કે મારી જાતનું નવું પાસું શોધવાનો પડકાર મને ઉત્સાહિત કરે છે. ખુલ્લા મનથી રમવામાં મને ઘણી મદદ મળી છે અને મને લાગે છે કે તે જ મારા માટે કામ કરી રહ્યું છે.

તિરુવનંતપુરમમાં, કોહલીએ તેના પહેલા પાંચ બોલમાં છગ્ગો ફટકાર્યો અને ત્યારબાદ છગ્ગો મારવાનું ચાલુ રાખ્યું. તેની ઈનિંગના અંત સુધીમાં, તેણે નવ છગ્ગા ફટકાર્યા હતા, જે એક જ ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ હતો. તેણે 10 ચોગ્ગા પણ ફટકાર્યા હતા, જેમાં 296 રનના લક્ષ્યનો પીછો કરતી વખતે 29મી ઓવરમાં સતત ત્રણ ચોગ્ગાનો સમાવેશ થાય છે. આ ઓવર દરમિયાન, તેણે 15,000 રનનો આંકડો પાર કર્યો . આ સિદ્ધિ મેળવનાર તે સચિન તેંદુલકર પછી બીજો ખેલાડી બન્યો હતો, પણ ઈનિંગની દૃષ્ટિએ તે સચિન કરતાં વધુ ઝડપી રહ્યો હતો. કોહલી કહે છે કે મારું ધ્યાન ક્યારેય આ સિદ્ધિઓ પર રહ્યું નથી. હું ફક્ત પરિસ્થિતિને સમજવા અને ટીમ માટે મારું કામ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરું છું, અને સિદ્ધિઓ આપમેળે આવે છે. હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી અને આભારી માનું છું કે આટલા લાંબા સમય સુધી રમી શક્યો અને આ બિંદુ સુધી પહોંચ્યો. હું ફક્ત મારું માથું નીચું રાખવા માંગુ છું, સખત મહેનત કરવા માંગુ છું અને મને જે કંઈ મળ્યું છે તેના માટે ભગવાનનો આભાર માનું છું.

ચેઝ માસ્ટર તરીકેની ઓળખ ધરાવતા કોહલીની બેટિંગ 50 ઓવરના ક્રિકેટમાં પહેલા જોખમ ઘટાડવા અને શક્ય તેટલી લાંબી ઈનિંગ્સ રમવા માટે તૈયાર થવા વિશે હતી. તે ઈચ્છા હજુ પણ યથાવત છે આ સીરિઝ પહેલા તે 2027ની વર્લ્ડકપ ફાઈનલમાં વિજયી રન ફટકારવાની ઈચ્છા તે વ્યક્ત કરી ચૂક્યો છે. પરંતુ તે એક નવી જરૂરિયાત સાથે સંતુલિત છે. એકવાર તે માને છે કે તે સેટ થઈ ગયો છે, તે દરેક બોલ પર તે સૌથી વધુ રન બનાવવા માંગે છે. તેણે આ વર્ષે તેમાંથી 523 રન બનાવ્યા છે. તે તેને 2026નો ત્રીજો સૌથી વધુ સ્કોરર બનાવે છે . જોકે, ટોચના 50માંથી ફક્ત ત્રણ જ તેના સ્ટ્રાઈક રેટ (116.74) ની બરાબરી પર છે અથવા તેનાથી આગળ છે.

ટુ ધ પોઈન્ટ

કોહલીએ કહ્યું કે મારી જાતને વચન આપ્યું હતું કે હું સકારાત્મક રીતે રમીશ, તેથી હું આવું જ રમવાનું ચાલુ રાખીશ, પરંતુ, તમે જાણો છો, તમારે બેદરકાર બનીને નથી રમવાનું. આ બે વચ્ચે એક ઝીણી લાઈન છે, જે એક વ્યાવસાયિક તરીકે, એક અનુભવી ખેલાડી તરીકે, મારી પાસે બેદરકાર શોટ રમ્યા વિના તેને અમલમાં મૂકવાની ક્ષમતા હોવી જોઈએ. આ કરવાનું ચાલુ રાખવા માટે, કોહલી પાસે કેટલીક બાબતો છે જે તે તપાસે છે, તેની શરૂઆત તેની કન્ડિશનિંગથી થાય છે. કોહલી કહે છે કે મને લાગે છે કે મુક્ત મન રાખવા માટે, તમારે ફિટ શરીરની જરૂર છે. તેથી મારા માટે, તે વિપરીત રીતે કામ કરે છે. હું શારીરિક રીતે ફિટ રહું છું અને પછી હું રમતને તે રીતે કલ્પના કરી શકું છું જે રીતે હું રમવા માંગુ છું, જે મને ત્યાં જવાની અને આજે રાત્રે મેં જે રીતે કર્યું તે રીતે પ્રદર્શન કરવાની શ્રેષ્ઠ તક આપે છે. કોહલીએ એ પણ વાત કરી કે તેને શું સ્પષ્ટ અને પ્રેરિત રાખે છે. મને લાગે છે કે આપણે ફક્ત એક પગલું પાછળ જોવાની જરૂર છે, તમે જાણો છો, આપણે ક્યાંથી આવ્યા છીએ. આ એવી વસ્તુ છે જે આપણે ભૂલી જઈએ છીએ જ્યારે આપણે દુનિયાની દોડધામમાં અને ખૂબ ધ્યાન, ખ્યાતિ અને ચાહકો તરફથી આટલા પ્રેમ સાથે મળેલી સ્થિતિમાં ફસાઈ જઈએ છીએ. તમે ક્યાંથી આવ્યા છો તે ભૂલી જવું ખૂબ જ સરળ હોઈ શકે છે. પરંતુ મને લાગે છે કે બાળપણથી શરૂ થયેલી સફર પર પાછા જોતાં જ તમને કૃતજ્ઞતાનો અનુભવ થાય છે.

હું ભારત માટે રમવાની દરેક ક્ષણનો આનંદ માણું છું કારણ કે હું સમજું છું કે, જેમ મેં કહ્યું, એવી શક્યતા હતી કે હું અહીં ઉભો ન હોત. હું ભારત માટે બિલકુલ ન રમ્યો હોત. તે મારી વાસ્તવિકતા પણ હોઈ શકે છે. પરંતુ હું આ બધી અદભૂત ક્ષણો જીવી રહ્યો છું, મારા દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું, આટલા મોટા દર્શકો સામે રમી રહ્યો છું અને ટીમ માટે કામ કરી રહ્યો છું. એક ક્રિકેટ ખેલાડી તરીકે, આ બધું જ મેં સપનું જોયું હતું અને હું તે મેળવી રહ્યો છું. તેથી મારા હૃદયમાં કૃતજ્ઞતા સિવાય બીજું કંઈ નથી. અને જેમ મેં કહ્યું, હું ફક્ત મારું માથું નીચું રાખવા માંગુ છું, સખત મહેનત કરતો રહેવા માંગુ છું, મારા ચહેરા પર સ્મિત રાખવા માંગુ છું અને આશા રાખું છું કે અન્ય લોકો પણ સ્મિત કરશે.

# પિન્કી બલહારા : કુરાશમાં બે મેડલ જીતી ઈતિહાસ રચનારી ભારતીય ખેલાડી

એશિયન ગેમ્સમાં ભારતીય કુરાશ ખેલાડી પિંકી બલહારાએ સોમવારે સેમી ફાઈનલમાં દક્ષિણ કોરિયાની સુમિન મો સામે 0-5થી હારતા બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો. આમ છતાં કુરાશમાં બેવડા એશિયન ગેમ્સ મેડલ જીતનાર પ્રથમ ભારતીય ફાઈટર બનીને તેણે ઈતિહાસ રચ્યો છે. પરંતુ પિંકીની અત્યાર સુધીની આ સફર સરળ રહી નથી. દિલ્હીની રહેવાસી પિંકીએ 2018 જકાર્તા એશિયન ગેમ્સમાં મહિલાઓની 52 કિગ્રાથી ઓછી વજન શ્રેણીની ફાઈનલમાં હાર્યા બાદ સિલ્વર મેડલ જીત્યો હતો, પરંતુ આ વખતે તેણે 78 કિગ્રા વજન શ્રેણીમાં ભાગ લીધો હતો.

2018 માં, જ્યારે પિંકી તેની પહેલી એશિયન ગેમ્સની તૈયારી કરી રહી હતી, ત્યારે તે માત્ર 19 વર્ષની હતી. આ નાની ઉંમરે, તેના પરિવાર પર એક પછી એક ત્રણ મૃત્યુ આવ્યા ત્યારે તે હતાશ થઇ ગઇ હતી. પહેલા, તેના પિતરાઈ ભાઈનું અવસાન થયું, પછી તેના પિતાનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું, અને પછી તેના દાદાનું મૃત્યુ થયું. આ ત્રણ મૃત્યુ થોડા જ સમયમાં થયા, જેના કારણે પિન્કી માટે આ પરિસ્થિતિનો સામનો કરવો મુશ્કેલ બન્યો. મીડિયા સાથે વાત કરતી વખતે પિંકી રડી પડી. પોતાના આંસુ રોકીને તેણે કહ્યું શરૂઆતમાં, તે જકાર્તા જવા માંગતી ન હતી, પરંતુ તેના કાકાએ તેને રમત ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરી, તેને તેના પિતાની કારકિર્દી માટેની આશાઓની યાદ અપાવી. મન કઠણ કરીને તે તાલીમમાં પાછી ફરી. જો કે લોકો તેના પિતાના મૃત્યુ પછી આટલા જલ્દી તાલીમમાં પાછી ફરવા બદલ તેને ગેરસમજ કરશે એવા ડરથી તે રાત્રે જીમમાં જતી હતી.

પિંકીની તાલીમનો મોટાભાગનો સમય છોકરાઓ સામે સ્પર્ધા કરવામાં વિતાવે છે. તે માને છે કે આનાથી તેણીને તાલીમમાં મદદ મળી છે. પિંકીના મતે, તેણે ક્યારેય એકેડેમીમાં છોકરીઓ સામે સ્પર્ધા કરી નથી. તે ફક્ત છોકરાઓ સાથે જ રમતી હતી. ભારતમાં કોઈ માન્ય રાષ્ટ્રીય કુરાશ ફેડરેશન નથી, અને હિસ્સેદારો વચ્ચે સતત મતભેદ ખેલાડીઓને ખાનગી સમર્થન પર આધાર રાખવાની ફરજ પાડે છે. પિંકીને દિલ્હીમાં તેના મામાની એકેડેમીમાંથી તાલીમ અને સમર્થન પણ મળે છે. પિંકીએ કહ્યું કે દરેક એશિયન ગેમ્સ પહેલા એક નવું ફેડરેશન ઉભરી આવે છે, પરંતુ ખેલાડીઓના હિતોનું રક્ષણ કરવા માટે કંઈ નક્કર કરવામાં આવતું નથી.

**પરિવારમાં પિતા, દાદા અને પિતરાઇ ભાઇ એમ ત્રણ મૃત્યુ થવાથી દુઃખી થ.યેલી પિન્કીએ 2018ની એશિયન ગેમ્સ છોડવાનો નિર્ણય કર્યો હતો પણ તેના કાકાએ આપેલા સાંત્વના અને હિંતને કારણે તેણે તેમાં ભાગ લઇને સિલ્વર મેડલ જીત્યો હતો અને હવે જાપાનમાં તેણે બ્રોન્ઝ જીતીને આ રમતમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય. ખેલાડી બનીને ઈતિહાસ રચ્યો છે**




# હરિતા ભદ્રા

## દિવસે મેડલ વિજેતા સ્પ્રિન્ટર, સાંજે હેન્ડમેડ જ્વેલરી ડિઝાઇનર

**છેક છેલ્લી ઘડીએ ભારતીય એથ્લેટિક્સ ટીમમાં સામેલ થયેલી સ્પ્રીન્ટર હરિતા ભદ્રાના પગમાં ઝડપથી દોડવાની તાકાત છે તો તેના હાથની આંગળીઓમાં કળાનો એવો સ્પર્શ છે કે જેનાથી તે જ્વેલરી ડિઝાઈન કરે છે, એટલું જ નહીં હરિતા ભણવામાં પણ તેજસ્વી હતી અને તેણે યુનાઈટેડ કિંગડમની લોગબરો યુનિવર્સિટીમાંથી સ્પોર્ટ્સ સાયન્સ, કોચિંગ અને ફિઝિકલ એજ્યુકેશનમાં બી.એસસીની ડિગ્રી મેળવી છે.**

એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતનારી ભારતીય સ્પ્રીન્ટર હરિતા ભદ્રા બહુમુખી પ્રતિભા ધરાવતી મહિલા છે. તેના પગમાં એક ખાસ ઉમંગ અને સ્નાયુઓમાં ઝડપથી દોડવાની તાકાત છે તો તેની આંગળીઓમાં કળાનો એવો સ્પર્શ છે જે હેન્ડમેડ જ્વેલરી બ્રાન્ડ માટે દાગીના ડિઝાઈન કરતી વખતે જીવંત થઈ ઊઠે છે. પોતાની પ્રથમ જ એશિયાડમાં 200 મીટરમાં બ્રોન્ઝ મેડલ મેળવવાની આ ઐતિહાસિક સફળતા બાદ, તેની અંદરના કલાકારે ઈન્ટરનેશનલ સ્પર્ધાની આ પ્રથમ દોડની યાદમાં તેની બ્રાન્ડ ‘દાગીના’ માટે ઈયરરિંગ અથવા અન્ય કોઈ દાગીનો ડિઝાઈન કરવાનું વિચાર્યું છે.૨૩ વર્ષીય હરિતાએ કહ્યું કે હું આ મેડલની ઉજવણી કરવા માટે ચોક્કસપણે કંઈક ડિઝાઈન કરીશ. કદાચ હું જાપાનથી પ્રેરિત થઈને ઈયરરિંગ્સ જેવું કંઈક બનાવીશ અને આ સફળતાને સમર્પિત કરીશ. જાપાન ખૂબ જ સર્જનાત્મક દેશ છે, તેથી હું ત્યાંથી પણ થોડી પ્રેરણા લેવાનો પ્રયત્ન કરીશ. હરિતા શરૂઆતમાં આઈચી-નાગોયા ગેમ્સ માટે ભારતીય એથ્લેટિક્સ ટીમમાં સામેલ નહોતી, પરંતુ ઈન્ડિયન ઓલિમ્પિક્સ એસોસિએશનની સ્થાનિક આયોજકોને કરવામાં આવેલી વિનંતી બાદ તેને છેલ્લી ઘડીએ સામેલ કરવામાં આવી હતી. રમતગમત મંત્રાલય દ્વારા બીજી સપ્ટેમ્બરે તેને અને અન્ય પાંચ એથ્લેટ્સને ભાગ લેવા મંજૂરી આપવામાં આવી હતી. તેણે રવિવારે 200 મીટરની ફાઈનલમાં ૨૩.૨૦ સેકન્ડનો સમય કાઢીને બ્રોન્ઝ મેડલ જીતી આ વિશ્વાસ સાર્થક કરી બતાવ્યો હતો. આ તેની પ્રથમ ઈન્ટરનેશનલ દોડ હતી. તેનો વ્યક્તિગત શ્રેષ્ઠ સમય 23.14 સેકન્ડ છે, જે તેણે જૂન મહિનામાં નોંધાવ્યો હતો. હરિતાએ કહ્યું કે આ મેડલ મારા માટે ખૂબ જ અર્થપૂર્ણ છે કારણ કે પ્રથમ વખત હું ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છું. મને ખૂબ જ આનંદ છે કે હું ભારત માટે મેડલ જીતી શકી. રેસ પહેલા મારા મનમાં માત્ર એક જ વાત હતી કે મારે મારા શરીર પર વિશ્વાસ રાખવાનો છે અને અંત સુધી લડવાનું છે. છેલ્લી ક્ષણ સુધી હાર માનવાની નહોતી. હું વિચારતી હતી કે મારે આ રેસનો આનંદ માણવો છે. મારે કોઈ દબાણ લેવાની જરૂર નથી કારણ કે મેં પૂરતી મહેનત કરી જ છે.

મુંબઈની આ રનર અભ્યાસમાં પણ તેજસ્વી છે અને તેણે યુનાઈટેડ કિંગડમની લોગબરો યુનિવર્સિટીમાંથી સ્પોર્ટ્સ સાયન્સ, કોચિંગ અને ફિઝિકલ એજ્યુકેશનમાં બી.એસસીની ડિગ્રી મેળવી છે. આ વર્ષે તેણે સંપૂર્ણપણે એથ્લેટિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય લીધો હતો. તેણે જણાવ્યું કે ફેબ્રુઆરીમાં સીઝન શરૂ થઈ ત્યારથી હું સ્પર્ધાઓમાં ભાગ લઈ રહી છું. માર્ચમાં ઈન્ડોર સ્પર્ધાઓ હતી અને એપ્રિલથી આઉટડોર. આ રીતે છેલ્લા નવ મહિનાથી હું સતત સ્પર્ધા કરી રહી છું અને તે પહેલાં ત્રણ મહિના ઓફ-સીઝન તાલીમ હતી. ટેકનિકલ રીતે કહીએ તો, એક આખું વર્ષ ટ્રેક અને ટ્રેનિંગને સંપૂર્ણપણે સમર્પિત કર્યું છે. મેં તાલીમમાં મારું સર્વસ્વ આપી દીધું છે. નવી દિલ્હીમાં ઈન્ડિયન એથ્લેટિક્સ સિરીઝ ફાઈનલમાં હરિતાએ 100 મીટરમાં 11.22 સેકન્ડનો સમય નોંધાવ્યો હતો, જે કોઈ ભારતીય દ્વારા નોંધાવાયેલો બીજો સૌથી ઝડપી સમય છે, જોકે તે એશિયન ગેમ્સમાં 100 મીટરની ટૂંકી દોડમાં ભાગ લેવાની નહોતી.

ટ્રેક એન્ડ ફિલ્ડ

તે સમય વિશે પૂછવામાં આવતાં તેણે કહ્યું કે હા, હું એ બાબતથી આત્મવિશ્વાસ લઈ રહી હતી કે હું આ સ્તર પર રમવા માટે સક્ષમ છું. મારે બસ અંત સુધી લડવાનું હતું. મારા માટે આ એક ઉત્તમ શરૂઆત હતી. છેલ્લા 60 મીટર હું અને ચોથા સ્થાને રહેલી જાપાનની ઈડો અબિગેઈરુફુકા અમે બંને સાથે જ હતાં. તેથી મને થયું કે હું હાર ન માની શકું. મેં વિચાર્યું કે હું ચેસ્ટ ફિનિશ કરીશ અને પછી જે થશે તે જોઈ શકાશે.

રવિવારે, રાફેલ નડાલની ફેન હરિતાને એ વાતનો વિશ્વાસ કરવામાં થોડો સમય લાગ્યો કે તે મેડલ જીતી ચૂકી છે. તેણે કહ્યું,મને ખબર હતી કે હું ત્રીજા કે ચોથા નંબર પર આવીશ. ફિનિશ લાઈનની બરાબર સામે એક સ્ક્રીન હતી. મને લાગ્યું કે પરિણામો ત્યાં આવશે, પરંતુ પછી મેં મારું નામ સાંભળ્યું. અને પછી મારી સાથે દોડતી અન્ય ભારતીય એથ્લેટ ઉન્નતિ બોલેન્ડે કહ્યું, ઓહ માય ગોડ, તું ત્રીજા સ્થાને આવી છે!’

તેણે પોતાના સપના પૂરા કરવા માટે મળેલા અવિરત ટેકા બદલ પોતાના પરિવારનો આભાર માન્યો. તેમણે મને ૧૦૦ ટકાથી પણ વધુ સપોર્ટ કર્યો છે. જ્યારે મને લાગતું હતું કે આ કદાચ ખૂબ મુશ્કેલ છે, ત્યારે પણ તેમને મારા પર મારા કરતાં વધુ વિશ્વાસ હતો. મારો પરિવાર અહીં આવ્યો હતો, તેથી જ્યારે મેં સ્ટેન્ડ્સમાં તેમને જોયા ત્યારે હું ખૂબ જ ભાવુક થઈ ગઈ હતી. મેડલ જીત્યા પછી તેમને સામે જોઈને મને અપાર ખુશી થઈ હતી.




# પીટી ઉષાનો 42 વર્ષ જૂનો નેશનલ રેકોર્ડ તોડનાર વિથ્યા રામરાજ કોણ છે

તમિલનાડુના કોઈમ્બતુરની રહેવાસી વિથ્યા માટે 2026 એશિયન ગેમ્સમાં બે મેડલ જીતવા સરળ નહોતા. ટ્રક ડ્રાઈવરની પુત્રી વિથ્યાએ બાળપણમાં મુશ્કેલીઓનો સામનો કર્યો હતો, પરંતુ ગરીબી તેને રોકી ન શકી. વિથ્યાની જોડિયા બહેન, નિત્યા, પણ એક પ્રસિદ્ધ રમતવીર છે, અને તેની માતા ગૃહિણી છે. આ ઉભરતી દોડવીરએ મહાન ભારતીય રેસર પીટી ઉષાનો ચાર દાયકા જૂનો રેકોર્ડ પણ તોડ્યો.. વિથ્યા ભારતીય રેલ્વેમાં પણ કામ કરે છે. 2017 સુધી, વિથ્યાએ 100 મીટર અને 200 મીટર સ્પ્રિન્ટ ઈવેન્ટ્સમાં પણ દોડી હતી, પરંતુ પછીથી તેણે 400 મીટર હર્ડલ રેસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું.

વિથ્યા રામરાજે ટ્રેક અને ફિલ્ડ પર એટલી મહેનત કરી હતી કે તેના અને તેના પરિવારના સંઘર્ષનું હવે ફળ મળી રહ્યું છે. વિથ્યાને સ્પોર્ટ્સ ક્વોટા દ્વારા ભારતીય રેલ્વેમાં નોકરી મળી. તમને જાણીને આનંદ થશે કે વિથ્યા રામરાજ વર્ષ 2017 સુધી 100 મીટર અને 200 મીટર સ્પ્રિન્ટ ઈવેન્ટ્સમાં દોડતી હતી, પરંતુ પછીથી તેણે 400 મીટર હર્ડલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું અને આજે પરિણામ દેશની સામે છે.

વિથ્યાએ એશિયન ગેમ્સ 2026માં મહિલાઓની 400 મીટર હર્ડલ્સમાં 54.75 સેકન્ડમાં દોડ પૂર્ણ કરીને બ્રોન્ઝ મેડલ જીતવાની સાથે આ ઈવેન્ટમાં નેશનલ રેકોર્ડ પણ તોડ્યો. આ રેકોર્ડ અગાઉ પીટી ઉષાના નામે હતો, જેણે 42 વર્ષ પહેલાં 1984ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાં 55.42 સેકન્ડનો સમય સાથે બનાવ્યો હતો. હાલમાં ભારતીય ઓલિમ્પિક્સ એસોસિએશનના પ્રમુખ પીટી ઉષા એશિયન ગેમ્સ માટે જાપાનમાં જ હાજર છે અને તેણે વિથ્યાને પોતાનો રેકોર્ડ તોડીને મેડલ જીતવા બદલ અભિનંદન આપ્યા હતા. એશિયન ગેમ્સમાં વિથ્યા રામરાજનો આ બીજો મેડલ છે. તે 4x400 મીટર મિક્સ્ડ રિલે ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતનાર ભારતીય ટીમનો ભાગ હતી. એશિયન ગેમ્સમાં આ તેનો પાંચમો મેડલ છે. 2022માં, તેણે 400 મીટર હર્ડલ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. તે મહિલા અને મિક્સ્ડ 4x400 મીટર રિલે ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતનાર ટીમનો પણ ભાગ હતી.

**તમિલનાડુના કોઈમ્બતુરના ટ્રક ડ્રાઈવરની પુત્રી વિથ્યા રામરાજ પહેલા સ્પ્રીન્ટર હતી પરંતુ પછી તેણે પોતાની કેરિયરને વળાંક આપીને હર્ડલ્સમાં ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું અને હવે જ્યારે તેણે જાપાન એશિયન ગેમ્સમાં 400 મીટર હર્ડલ્સમાં નવા નેશનલ રેકોર્ડ સાથે મેડલ જીત્યો ત્યારે જેનો રેકોર્ડ તોડ્યો તે પીટી ઉષા જાપાનમાં જ હાજર હતા.**

